ફાયનાન્સિયલ એક્સપ્રેસ

અમદાવાદ, ગુરુવાર, તા. ૧૫ જૂન, ૨૦૨૩

# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા–૩૯૦૦૦૩
ફોનઃ +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
ઈ–મેલ : investors@paushak.com | વેબસાઈટ : www.paushak.com

## નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની **૫૦મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") મંગળવાર, તા. ૧લી ઓગસ્ટ, ૨૦૨૩** ના રોજ **બપોરે ૪.૦૦ કલાકે** કંપની ધારા, ૨૦૧૩ ("ધારા") અને સિક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર ("સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫") અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ("MCA") તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે જારી કરાયેલ વિવિધ પરિપત્રો દ્વારા નિર્ધારિત પ્રક્રિયાના પાલન અન્વયે વિડિયો કોન્ફરન્સિંગ ("VC")/અન્ય ઓડિયો વિઝયુઅલ માધ્યમ ("OAVM") દ્વારા યોજાશે.

એજીએમની નોટિસ સહિતનો વાર્ષિક અહેવાલ જેમાં VC/OAVM દ્વારા એજીએમમાં જોડાવવા તથા ઈ-મતદાન કરવાની પ્રક્રિયા અને પદ્ધતિનો સમાવેશ થાય છે, તે ફકત એવા સભ્યોને જ મોકલવામાં આવશે જેમના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.paushak.com પર, સ્ટોક એક્સચેંજની વેબસાઇટ એટલે કે બીએસઇ લિમિટેડ, www.bseindia.com પર તથા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

**વિવિધ વિગતોની નોંધણી / અપડેશનઃ**
નામ, પોસ્ટલ સરનામું, ઈ-મેલ સરનામું, ટેલિફોન/ મોબાઈલ નંબર, પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN), નોમિનેશન, પાવર ઓફ એટર્ની, બેંક વિગતો જેમ કે બેંકનું નામ અને શાખા, બેંક એકાઉન્ટ નંબર, MICR કોડ, IFSC કોડ વગેરે ની નોંધણી/અપડેટેશન માટેની પ્રક્રિયા :

i. જો શેર્સ ફિઝિકલ મોડમાં ધરાવતા હોય, તો તે સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સેબીના તારીખ ૧૬મી માર્ચ, ૨૦૨૩ ના પરિપત્ર નંબર SEBI/HO/MIRSD/MIRSD-PoD-1/P/CIR/2023/37 હેઠળ નિર્ધારિત ફોર્મ્સ માં તેમની સર્વિસ વિનંતી કરે.

   ફોર્મ્સ કંપનીની વેબસાઇટ https://www.paushak.com/investor-relation.aspx પર અને કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લિંક ઈન્ટાઇમ ઈન્ડિયા પ્રા. લિ. ("LIIPL")ની વેબસાઇટ https://linkintime.co.in/home-KYC.html પર ઉપલબ્ધ છે.

ii. જો શેર્સ ડીમેટ મોડમાં ધરાવતા હોય, તો સભ્યોને ઉપરોક્ત સંદર્ભિત વિગતો તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ સાથે અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.

**ડિવિડન્ડ પર ટીડીએસઃ**

આયકર અધિનિયમ, ૧૯૬૧ ની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર, કંપનીને તેના શેરધારકોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડ પર નિર્ધારિત દરે ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ (TDS) કાપવો જરૂરી છે. TDS નો દર શેરધારકના રહેણાંક સ્થિતિ તથા તેઓએ સબમીટ કરેલ દસ્તાવેજો જે કંપની દ્વારા સ્વીકારેલા હોય તેના આધારે બદલાશે. આથી શેરધારકોને તેમના PAN અને લાગુ દસ્તાવેજો ઉપર દર્શાવેલ પ્રક્રિયા મુજબ અપલોડ કરવા વિનંતી કરવામાં આવે છે, જેથી ઊંચા દરે ટીડીએસ ની કપાત ટાળી શકાય.

શેરધારકોને LIIPL ની વેબસાઈટ https://web.linkintime.co.in/formsreg/submission-of-form-15g-15h.html ની મુલાકાત લઈ ફોર્મ 15G/15H, કલમ ૧૯૬, ૧૯૭-A અંતર્ગત દસ્તાવેજો, એફપીઆઈ રજીસ્ટ્રેશન સર્ટિફીકેટ, ટેક્ષ રેસીડન્સી પ્રમાણપત્ર, લોઅર ટેક્સ સર્ટિફિકેટ અપલોડ કરવા વિનંતી છે, જેથી કંપની યોગ્ય TDS/ વીથહોલ્ડિંગ ટેક્સ નો દર નક્કી કરી શકે.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
**સાગર ગાંધી**
કંપની સેક્રેટરી

**સ્થળ :** વડોદરા
**તારીખઃ** ૧૪મી જુન, ૨૦૨૩

આ નોટીસ કંપનીની વેબસાઇટ **www.paushak.com** ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ **www.bseindia.com** ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ રહેશે.